## કપડવંજનાં બીજા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ), મુ.કપડવંજ

**૧૬૩૮/૨૦૧૭**

**આંક : ૪ નું સંધાણ**

**૭. :: કારણો ::**

આરોપી સામે ધી મુંબઇ (ગુજરાત) પ્રોહીબીશન એકટ ૧૯૪૯ની કલમ ૬૬(૧)(બી) મુજબનાં શિક્ષાપાત્ર ગુના બાબતે આંક : ....૪.....થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલ જેથી આરોપી સામે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. ફરીયાદપક્ષ તરફે

પંચ સાહેદ ૧ ની જુબાની આંક :. ૫ થી,
પંચસાહેદ ૨ ની જુબાની આંક : ૭ થી
મુદામાલ રીકવરી પંચનામું આંક : ૬ થી રજુ કરવામાં આવેલ

જે પુરાવાનાં અંતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા પુરતો પુરાવો ન હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. બંને પક્ષકારો તર્ફે સાંભળવામાં આવેલ.

ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે પંચ સાહેદને મુદામાલ કબજે કર્યાનાં પંચોને આંક : ૫ તથા . ૭ થી તપાસવામાં આવ્યા છે પરંતુ મજકુર પંચ સાહેદોએ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપ્યુ નથી. તેઓએ કાર્ટ સમક્ષ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, મને પોલીસે પોલીસ સ્ટે. ઉપર બોલાવી સહી કરાવેલ તે સિવાય કશુ જાણતો નથી કે તેની રૂબરૂમાં પોલીસે કાંઇ કબજે કરેલ નહી. ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૫૪ની જોગવાઇ મુજબ ફરીયાદપક્ષને પોતાનાં સાહેદોની જ ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલી તેમ છતાં પણ પંચ સાહેદએ ફરીયાદપક્ષનાં કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદપક્ષે થયેલા પંચનામાનાં આધારે આરોપી પાસેથી પોલીસે પંચોની રૂબરૂમાં દેશીદારૂ કબજે કરેલો હોવાની હકીકત નિશંક:પણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયા છે.

આમ, સદરહું પુરાવો ધ્યાને લેતાં સદર મુદામાલ આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ છે તેવું બતાવતો અન્ય કોઇ પુરાવો અદાલત સમક્ષ રજુ કરેલ નથી સદર મુદામાલ આરોપીનાં કબજામાંથી જ મળી આવેલો છે તેવું પણ સાબીત થતું નથી. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ.ઓમકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.જન.૪૨૧-મહારાષ્ટ્ર)માં સ્થાપિત કરવામાં આવેલ છે કે જયારે પંચ સાહેદ દ્વારા પંચનામાને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતું પાર પાડી શકાય નહી. પંચોનો પુરાવો દારુ મળી આવેલ તેવો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતો ન હોય તથા ધીરજલાલ ગાંડાભાઇ વિ.સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩ તથા નામદાર ગુજરાત રાજય વિ. ભીમાભાઇ કાળીદાસ પટેલ ૧૯૮૫(૧) જી.એલ.આર.૭૪૫ પર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ છે કે દારુનાં કબજા અંગેની ધારણા જયારે બાટલીઓ પંચની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવો દારુ મળી આવેલ તેવો ફરીયાદપક્ષનાં કેસને સમર્થન આપતો ન હોય ત્યારે કોઇ ધારણા ઉપસ્થિત કરી ન શકાય.

આમ, ફરીયાદપક્ષ સ્વતંત્ર પુરાવાનાં અભાવે આરોપી સામે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. સબબ ઉપરોકત હકીકત, કાયદાની જોગવાઇ તેમજ રજુ પુરાવાને ધ્યાનમાં લેતાં ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

**૮. :: હુ ક મ :: .**

૧. આ કામનાં આરોપીને ધી મુંબઇ(ગુજરાત) પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબનાં ગુના માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૧) અનુસાર નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. આરોપીનાં જામીન ખત તથા જાત મુચરકા અપીલ સમય વીત્યા બાદ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વીત્યા બાદ મુદામાલ નિયમોનુસાર નાશ કરવો.

૪. આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭(એ) મુજબનાં રૂા.૧૦૦૦/-નાં સધ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા અપીલી અદાલતમાં જરૂર પડેથી હાજર રહેવા માટેનાં આપવા.

આજ તારીખ : ૦૨..મી, માહેઃ ૦૨, સને ૨૦૧૮ નાં રોજ સદર હુકમ વાંચી સંભળાવી મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

કપડવંજ
**તા.૦૨/૦૨ /૨૦૧૮**

**(રાજેશ માંદીયાભાઇ ધોડી)**
બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફર્સ્ટ કલાસ), કપડવંજ
કોડ નં.જીજ૦૧૧૭૫